
RNI Title Code : GUJGUJ18197

ભારત હેડલાઈન

તટસ્થ, પારદર્શક અને નિડર અખબાર

Bharat Headline-Gujarati Morning Daily
(Monday to Saturday) Rajkot



કોંગ્રેસે ચૂંટણીમાં ખરાબ પ્રદર્શન અંગે ફેક્ટ ફાઈન્ડિંગ કમિટી બનાવી

વાંચો પેજ નં. 6

માલિક, મુદ્રક પ્રકાશક અને તંત્રી : અમિત બીપીનભાઈ ઠક્કર | Date : 21 June 2024, Friday | Page : 10 | Year : 1 | Issue : 210 | Price: 2/-

# આજે અગ્નિકાંડનો SIT રિપોર્ટ સત્તાવાર રીતે જાહેર થશેઃ હર્ષ સંઘવી



ભારત હેડલાઈન, તા.૨૦

રાજકોટ અગ્નિકાંડ મામલે રચવામાં આવેલી SIT દ્વારા લાગતા-વળગતા તમામ વિભાગના અધિકારીઓનાં નિવેદનો લેવાની પ્રક્રિયા કરવામાં આવી છે. બુધવારે મોડીરાત્રે બે વાગ્યા સુધી નિવેદનો લેવામાં આવ્યાં હતાં. આજે વહેલી સવાર સુધી કામગીરી કરવામાં આવી છે. ખૂબ મોટી સંખ્યામાં અધિકારીઓ અને લાગતા-વળગતા વિભાગના તમામ લોકોનાં નિવેદનો લેવામાં આવ્યાં છે. તમામની જવાબદારી નક્કી કરવામાં આવી છે. આવતીકાલે વહેલી સવાર સુધીમાં એસઆઈટી દ્વારા સત્તાવાર રીતે માહિતી આપવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે ૩ જૂન ૨૦૨૪ના રોજ રાજકોટ TRP ગેમ ઝોન દુર્ઘટના મામલે નિમાયેલી SIT (સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ)એ તપાસ અહેવાલ હાઈકોર્ટમાં રજૂ કર્યો હતો. SITએ તેના રિપોર્ટમાં ચોંકાવનારાં તારણો રજૂ કર્યાં હતાં. સીટના અધ્યક્ષ સુભાષ ત્રિવેદીના રિપોર્ટમાં એવું તારણ રજૂ કરાયું હતું કે TRP ગેમિંગ ઝોનમાં આગથી મૃત્યુ પામેલા ૨૭ લોકોનાં મોત માટે મ્યુનિસિપલ કોર્પોરેશન, પોલીસ વિભાગ અને માર્ગ-મકાન વિભાગના અધિકારીઓ જવાબદાર છે. ત્રણેય વિભાગની સંયુકત બેદરકારી અને મેળાપીપણામાં આ દુર્ઘટના બની છે. TRP ગેમિંગ ઝોનના માલિકો સૌથી મોટા ગુનેગાર છે.

SITના રિપોર્ટમાં એવો ખુલાસો કરાયો છે કે કોર્પોરેશનના ટાઉન પ્લાનિંગ વિભાગ અને ફાયર વિભાગે ૩ વર્ષથી ચાલતા ગેરકાયદે ગેમિંગ ઝોન સામે કોઈ પગલાં લીધાં નથી. ગેમિંગ ઝોન માટે પાકું બાંધકામ થયાને ૩ વર્ષ વીતી જવા છતા એની સામે આંખ આડે કાન કરી લીધા હતા. રહેણાક હેતુ માટે ફાળવેલી જમીન પર કોમર્શિયલ પ્રવૃત્તિ પુરજોશમાં ચાલતી હતી છતાં એને અટકાવવાના પ્રયત્નો થયા નથી. કોર્પોરેશનના ટાઉન પ્લાનિંગ ઓફિસર અને એન્જિનિયરે ગેરકાયદે બિલ્ડિંગને હંગામી બાંધકામની કેટેગરીમાં મૂકીને ગંભીર બેદરકારી દાખવી છે. એ સિવાય ફાયરના અધિકારીઓએ એકપણ વખત કોઈ મુલાકાત લીધી નથી અને નોંધ સુધ્ધાં લીધી નથી. ફાયર વિભાગના અધિકારીઓના બેજવાબદારપણાને લીધે ૨૭ લોકો મોતને ભેટ્યા છે.

# આજે કેજરીવાલ થઈ જશે 'જેલમુક્ત'

## અંતે અરવિંદ કેજરીવાલને જામીન મળી ગયાઃ ED જામીન સામે અપીલ કરશે

ભારત હેડલાઈન, તા.૨૦

રાઉઝ એવન્યુ કોર્ટે ગુરુવાર, ૨૦ જૂને દિલ્હી લિકર પોલિસી કૌભાંડના મની લોન્ડરિંગ કેસમાં સીએમ અરવિંદ કેજરીવાલને જામીન આપ્યા હતા. તેઓ શુક્રવારે જેલમાંથી બહાર આવી શકે છે.

બીજી તરફ, EDએ જામીન સામે અપીલ કરવા માટે ૪૮ કલાકનો સમય માગ્યો છે. કોર્ટે કહ્યું હતું કે આવતીકાલે ડ્યૂટી જજ સમક્ષ આ દલીલો થઈ શકે છે. અગાઉ EDએ કોર્ટમાં કહ્યું હતું કે જામીન પર ૪૮ કલાકનો સ્ટે લાદવો જોઈએ, પરંતુ વેકેશન બેન્ચે એનો ઇનકાર કર્યો હતો. દિલ્હીના મંત્રી આતિષીએ કહ્યું, 'સત્યમેવ જયતે.'



કોર્ટે તેમને ૧ લાખ રૂપિયાના જામીન બોન્ડ ભરવા જણાવ્યું છે. સુપ્રીમ કોર્ટે લોકસભા ચૂંટણી માટે ૨૧ દિવસના વચગાળાના જામીન આપ્યા હતા. કેજરીવાલને ૧ એપ્રિલે તિહાર જેલમાં મોકલવામાં આવ્યા હતા.

રાઉઝ એવન્યુ કોર્ટમાં આજે સતત બીજા દિવસે જામીન અરજીની સુનાવણી સવારે થઈ હતી. ન્યાયાધીશ ન્યાયબિંદુની વેકેશન બેન્ચે ઈડી અને કેજરીવાલની દલીલો સાંભળ્યા બાદ નિર્ણય સુરક્ષિત રાખ્યો હતો. કાયદાકીય નિષ્ણાતોના મતે ટ્રાયલ કોર્ટ હાલ વેકેશન પર છે. ડ્યૂટી મેજિસ્ટ્રેટ સમક્ષ જામીન બોન્ડ ભરવામાં આવશે. આવતીકાલે ED ઉપલી કોર્ટમાં સૌથી મોટો પડકાર રજૂ કરશે અને નીચલી કોર્ટના જામીનના નિર્ણયને પડકારશે.

કેજરીવાલની ૨૧ માર્ચે ધરપકડ કરવામાં આવી હતી. ૧ એપ્રિલે તેમને તિહાર જેલમાં મોકલી દેવામાં આવ્યા હતા. સુપ્રીમ કોર્ટે ૧૦ મેના રોજ તેમને વચગાળાના જામીન આપ્યા હતા. ૨૧ દિવસ સુધી જામીન પર બહાર રહ્યા બાદ કેજરીવાલે ૨ જૂને સાંજે ૫ વાગ્યે તિહારમાં આત્મસમર્પણ કર્યું. કેજરીવાલની ન્યાયિક કસ્ટડી બુધવારે સમાપ્ત થઈ હતી, જેને કોર્ટે ૩ જુલાઈ સુધી લંબાવી હતી.



### સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા બીજી વખત દરોડો પાડવામાં આવતા સ્થાનિક પોલીસ વિરુદ્ધ રાજકોટ શહેર પોલિસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા કોઈ એક્શન લેશે કે નહીં?

# થોરાળા પોલીસ સ્ટેશન પાસે જ ધમધમતા લાખો રૂપિયાના વરલી ફિચરના વેપલાનો પર્દાફાશ

**રાજકોટનો સૌથી મોટો વરલી ફીચરનો વેપાર થતો હોવા છતાં સ્થાનિક પોલીસ તથા મહત્ત્વની બ્રાન્ચોમાં આ બાબતે ગંધ સુધા પણ ના આવી?!**

**ક્લબના સંચાલક મયુરસિંહ તથા એક અન્ય શખ્સ કે જેનું નામ કર્ક રાશિ ઉપરથી છે તે પણ દબાવી દેવામાં આવ્યું?**

## વેપાર લેવા માટે અલગ અલગ જગ્યાઓ પર આઠથી દસ માણસો ફોન લઈને બેઠા હોય, જેવો ગ્રાહક આવે એટલે મુખ્ય મથક પર ફોન લગાવી ગ્રાહક પાસે રોકડા રૂપિયા લઈ કપાત કરાવી અપાતા

## સ્થાનિક લોકોના મતે વર્ષોથી ક્લબ ચાલતી હોવાના મળ્યાં પુરાવા

ભારત હેડલાઈન, તા.૨૦
રાજકોટની પોલીસને અંધારામાં રાખી જખઈ એ થોરાળા પોલીસ સ્ટેશનથી થોડા જ અંતરમાં રોજનો લાખ્ખો રૂપીયાનો વરલી ફિચરનો વેપલો ચાલતો હતો તે પકડી પાડ્યો હતો.જુગાર અધિનિયમ ૧૨(અ) મુજબ ગંજીવાડનુ નાકુ જૈનનાથ પેટ્રોલ પંપની બાજુમા, થોરાળા પોલીસ સ્ટેશન પાસે પાડેલ દરોડામાં રૂ. ૧,૨૪,૪૭૦/- રોકડ,રૂ. ૩૦,૦૦૦/- ના વાહન, રૂ. ૨૫,૫૦૦/- ની કિંમતના ૬ મોબાઈલ સહિતના કુલ મુદ્દામાલ રૂ. ૧,૭૯,૯૭૦/- સાથે ચાર આરોપીઓને પકડી પાડયા હતા.
સૂત્રોમાંથી પ્રાપ્ત વિગત અનુસાર શહેરના થોરાળા વિસ્તારમાં મયુરસિંહ નામના શખ્સે આંકડા લખી વરલી મટકાનો જુગાર શરૂ કર્યો હતો. જે અંગેની બાતમી સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમને મળતા તાત્કાલિક એસએમસીએ દરોડો પાડી આખેઆખુ જુગારધામ ઝડપી પાડ્યું હતું.
એસએમસીના દરોડામાં ચારેક જુગારીઓ ઝડપાયા હોય તેવા અહેવાલ પ્રાપ્ત થઈ રહ્યા છે. એસએમસીના હાથમા એકાદ લાખ રૂપિયાનો મુદ્દામાલ આવ્યો હોય અને હજુ પણ મુદ્દામાલની ગણતરી ચાલતી હોય તેવા અહેવાલ પ્રાપ્ત થયાં છે.
ઉલ્લેખનીય બાબત છે કે, એસએમસીએ અગાઉ આ સ્થળે દરોડો પાડીને જુગારધામ ઝડપી પાડ્યું હતું. હવે તે જ સ્થળે ફરીવાર જુગારધામ ધમધમતા બાતમી છેક ગાંધીનગરની એજન્સીને મળી ગઈ પણ સ્થાનિક પોલીસ અજાણ રહી હતી. સ્થાનિક પોલીસને અંધારામાં રાખી એસએમસીએ દરોડો પાડી દેતાં પોલીસબેડામાં પણ ક્યાંક ખળભળાટ મચ્યો હોય તેવા અહેવાલ છે. આગામી દિવસોમાં આ મામલે શિક્ષાત્મક પગલાં લેવાય તો પણ નવાઈ નહિ.

# વર્ણીરાજ બટર મિલ્કના માલિકને ભગાડવામાં તંત્રની ભાગીદારી!?





રહેણાંક મકાનમાંથી વીજ કનેક્શન લઇ ઔદ્યોગિક હેતુ માટે કરાતો વપરાશ

ગ્રામ્ય વિસ્તારમાં ખોરાક અને ઔષધ નિયમનતંત્ર દ્વારા લોકોના આરોગ્ય સાથે કરાતા ચેડા !?

## શું રાજકોટ ગ્રામ્ય ફૂડ શાખાની વર્ણીરાજ બટર મિલ્ક છાશના સંચાલક સાથે સાંઠગાંઠ !?

ભારત હેડલાઇન, તા.૨૦

છેલ્લા ઘણા સમયથી પ્રજાના આરોગ્ય સાથે ચેડા કરતી વર્ણીરાજ બટર મિલ્ક છાશ બાબરા અમરેલી ચોકડી પાસે રાજકોટથી અમરેલી જતા ગ્રાહકે રસ્તામાં નાસ્તા-પાણી માટે હોટેલ હોલ્ટ કર્યો તે પુજા રેસ્ટોરેન્ટ હોટલમાં વર્ણીરાજ બટર મિલ્ક છાશના પાઉચ જમવા કે નાસ્તા કરવા આવે તે ગ્રાહકોને આપવામાં આવે છે. જેમા રાજકોટથી અમરેલી જઈ રહેલા એક ગ્રાહકે પુજા રેસ્ટોરેન્ટમાં છાશના પાઉચનો જથ્થો ખાલી થઈ ગયેલ હોવાથી આજુ બાજુ નાસ્તાની રેકડીમાંથી છાશના બે પાઉચ ખરીદ્યા હતાં. તેમાંથી એક છાશનું પાઉચ ખરાબ અને વાસી થઈ ગયેલ હતુ તે ગ્રાહકે સ્થળ પર ફેકી દીધું અને બીજા પાઉચની છાશ પીતા ગ્રાહકને ફુડ પોઈઝનીંગની અસર થતાં વર્ણીરાજ બટર મિલ્ક છાશના MFG DATE Betch No. Expairy Date વગરના પાઉચમાં FSSAI Lic. No. ૧૦૭૨૦૦૧૯૦૦૦૦૯૮ લીધેલ તે માર્ચ ૨૦૨૩માં પુર્ણ થઈ ગયેલ છે. તેની સામે ગ્રાહકે ફુડ વિભાગ રાજકોટ ગ્રામ્યને પ્રમાણભુત પુરાવા સાથે તા. ૦૭-૦૬-૨૦૨૪ના રોજ લેખિત ફરિયાદ કરેલ હોવા છતાં ફૂડ તંત્ર દ્વારા કોઈ પગલા લેવામાં આવેલ નથી.



### રાજકોટ મનપા હજુ પણ દુર્ઘટનાની જોઈ રહ્યું છે રાહ

# BRTS બસમાં બેદરકારીના દ્રશ્યો, કોઈ દુર્ઘટના ઘટે તો જવાબદાર કોણ!

## એક બસમાં ૮૦થી ૧૦૦ પેસેન્જર ભરવામાં આવ્યા



ભારત હેડલાઈન, તા.૨૦

રાજકોટ મનપા હજુ પણ દુર્ઘટનાની રાહ જોઈ રહ્યું છે. જેમાં છબઈ સંચાલિત BRTS બસમાં બેદરકારીના દ્રશ્યો જોવા મળ્યા છે. તેમાં બસમાં ઘેટા બકરાની જેમ પેસેન્જર ભરવામાં આવ્યા છે. જેમાં ઇલેક્ટ્રિક બસમાં કોઈ દુર્ઘટના ઘટે તો જવાબદાર કોણ તેવી ચર્ચા થઇ રહી છે. ત્યારે એક બસમાં ૮૦થી ૧૦૦ પેસેન્જર ભરવામાં આવ્યા છે. જેમાં રાજકોટ મનપા હજુ પણ એક દુર્ઘટનાની રાહ જોઈ રહી છે.

મનપા સંચાલિત BRTS બસમાં ઘેટા બકારની જેમ પેસેન્જર ભરવામાં આવી રહ્યા છે. જેમાં બસમાં સીટીંગ વ્યવસ્થા કરતા પણ ઓવરલોડેડ પેસેન્જર ભરવામાં આવે છે. ત્યારે ઈલેક્ટ્રિક બસોમાં કોઈ દુર્ઘટના ઘટે તો જવાબદાર કોણ તે ચર્ચા થઈ રહી છે. જો બસમાં કોઈ ઘટના બને તો ઓટોમેટિક દરવાજા પણ જલદી ના ખુલી શકે તેમ છે. એક બસમાં ૮૦ થી ૧૦૦ પેસેન્જર ભરવામાં આવી રહ્યા છે.

બસમાં વિદ્યાર્થીઓ, સિનિયર સિટીઝન સહિતના લોકો મુસાફરી કરે છે. જેમાં લોકોએ કહ્યું કે અકસ્માત સર્જાય તો બહાર પણ ના નીકળી શકાય.

# રાજકોટને ડીઝલ બસોથી મુક્તિ, 52 ડીઝલના સ્થાને CNG બસ દોડશે

## સાંસદ પરસોતમ રૂપાલાના હસ્તે નવી CNG બસોને લીલી ઝંડી

ભારત હેડલાઇન, તા.૨૦

રાજકોટ મનપાની સિટિબસ સેવામાં હાલ ૫૨ ડીઝલ બસો કાર્યરત છે. જોકે, ખખડધજ બનેલી આ બસોમાં અવારનવાર ધુમાડા નીકળતા હોવાનું તેમજ અધવચ્ચે બસો બંધ પડી જતી હોવાનું સામે આવી રહ્યું છે. તેમજ ડીઝલ બસોના કારણે પ્રદુષણ પણ ફેલાઈ રહ્યું છે. ત્યારે મનપા તંત્ર દ્વારા નવી CNG બસો મુકવાની કવાયત હાથ ધરવામાં આવી હતી. જે અંતર્ગત સાંજે સાંસદ રૂપાલાના હસ્તે નવી આવેલી CNG બસોને લીલીઝંડી આપવામાં આવી હતી. ત્યારે હવે તમામ ૫૨ ડીઝલ બસોના સ્થાને નવી CNG બસો દોડતી થતા રંગીલા રાજકોટિયનોને ડીઝલ બસોથી મુક્તિ મળશે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો કરવાના ભાગરૂપે ડીઝલ ફ્યુઅલથી સંચાલિત બસોનાં સ્થાને CNG ફ્યુઅલ સંચાલિત સિટી બસ ચલાવવામાં આવનાર છે. જેમાં રાજકોટ રાજપથ લિ.' દ્વારા સંચાલિત 'રાજકોટ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ'માં ૫૨ ડીઝલ સંચાલિત બસનાં સ્થાને નવી ૫૨ CNG ફ્યુઅલ સંચાલિત સિટી બસ શરૂ કરવામાં આવી છે. આ પૈકી ૧૦ CNG ફ્યુઅલ સંચાલિત સિટી બસનું લોકાર્પણ (ફ્લેગ ઑફ) રાજકોટના સાંસદ પરસોતમ રૂપાલાના હસ્તે આજે મહાત્મા ગાંધી મ્યુઝિયમ ખાતેથી કરવામાં આવ્યું હતું. આવતીકાલથી તમામ ૫૨ ડીઝલ બસોનાં સ્થાને નવી CNG બસો દોડશે.





રાજકોટ મનપા દ્વારા સંપૂર્ણ હસ્તાંતરિત એસ.પી.વી. 'રાજકોટ રાજપથ લિ.' દ્વારા સંચાલિત 'રાજકોટ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટેશન સર્વિસ' દ્વારા શહેરના નાગરિકોને જાહેર પરિવહન માટેની સેવા ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. જે અંતર્ગત હાલમાં ૫૨ ડીઝલ ફ્યુઅલ સંચાલિત તેમજ ૬૫ ઈલેક્ટ્રિક બસ જેમાં ૨૦ બીઆરટીએસ રૂટ પર તથા ૪૫ બસ શહેરમાં ચલાવવામાં આવી રહી છે. જોકે, ડીઝલ બસોના સ્થાને CNG સંચાલિત બસો શરૂ કરવાનો નિર્ણય કરાયો હતો. અને 'રાજકોટ રાજપથ લિ.' દ્વારા શહેરી બસ સેવા માટે ૧૦૦ નોન એ.સી. CNG મીનીબસ (ડ્રાઈવર તથા કંડકટર સહિત)ના પ્રોક્યોરમેન્ટ તથા ગ્રોસકોસ્ટ મોડલથી સપ્લાય કરવાના કામની જરૂરી ટેન્ડર પ્રક્રિયા કરીને એજન્સીને કોન્ટ્રાકટ આપવામાં આવ્યો છે.

# મુખ્યપ્રધાન સાથે હજારો લોકો કરશે યોગઃ હર્ષ સંઘવી

## ૩૧૨ સ્થળે યોજાશે યોગના કાર્યક્રમ

### રાજ્ય સરકારના મંત્રીઓ પણ અલગ અલગ જિલ્લામાં આપશે હાજરી



### મુખ્યપ્રધાન ભુપેન્દ્ર પટેલ BSFના જવાનોની કરશે મુલાકાત

ભારત હેડલાઈન, તા.૨૦

રાજ્યના ગૃહપ્રધાન અને રમત ગમત મંત્રી હર્ષ સંઘવીએ આવતીકાલે યોજાનારા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીને લઈને નિવેદન આપ્યું છે. હર્ષ સંઘવીએ કહ્યું કે રાજ્યમાં કુલ ૩૧૨ જગ્યાઓ પર કાર્યક્રમ યોજાશે. શાળાઓ, જેલ, પોલીસ, સામાજિક સંસ્થાઓ પણ આ કાર્યક્રમમાં જોડાશે, આ સિવાય ૨ દેશની સરહદો પર પણ યોગના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. બોર્ડર પર ફેન્સિંગ પાસે પણ લોકો યોગમાં જોડાશે. મુખ્યપ્રધાનની આગેવાનીમાં રાજ્યકક્ષાના કાર્યક્રમનું આયોજન થશે.

વધુમાં રમત ગમત મંત્રીએ જણાવ્યું કે મુખ્યપ્રધાન ભુપેન્દ્ર પટેલ સાથે હજારો લોકો યોગ કરશે. યોગ દિવસના કાર્યક્રમ બાદ મુખ્યપ્રધાન બીએસએફના જવાનો સાથે મુલાકાત કરશે અને ત્યાં અલ્પાહાર કરશે. આપણી સંસ્કૃતિ યોગ હવે દુનિયા સુધી પહોંચી છે. યોગ દિવસનો નારો આપતા તેમને કહ્યું કે 'સ્વયં અને સમાજ માટે લોકો યોગ કરે' અને માત્ર યોગ દિવસે જ નહીં પણ દરરોજ યોગ કરી શકે તેના માટે પણ યોગ બોર્ડ કામ કરે છે.

તમને જણાવી દઈએ કે કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહ પણ આવતીકાલે અમદાવાદના કાર્યક્રમમાં હાજરી આપશે, આ સાથે કેન્દ્રીય મંત્રી સી.આર.પાટીલ પણ સુરતમાં હાજર રહેશે અને રાજ્ય સરકારના મંત્રીઓ પણ અલગ અલગ જિલ્લામાં હાજર રહેશે.

## રાજકોટમાં એક દિવસમાં હત્યાની બે ઘટના

# ગાંધીગ્રામના યુવાનને મિત્રએ છરીના ઘા ઝીંકી પતાવી દીધો, ઉઘરાણી બાબતે સામાકાંઠાના યુવાનની હત્યા

ભારત હેડલાઇન, તા.૨૦

રાજકોટમાં એક જ દિવસમાં હત્યાના બે બનાવોથી ખળભળાટ મચી ગયો છે. ગાંધીગ્રામમાં રહેતા અર્જુન વ્યાસ નામના ૨૧ વર્ષિય યુવાનની તેના જ મિત્ર કૃણાલ ચગ દ્વારા હત્યા કર્યાનો બનાવ ગાંધીગ્રામ પોલીસ મથકમાં નોંધાયો છે. તો બીજી તરફ આજી ડેમ પોલીસ મથક વિસ્તારનાં કોઠારીયા રોડ પરથી એક યુવાનની મોંઢુ અને હાથ બાંધી હત્યા કરી મૃતદેહને સળગાવી નાખ્યાની ઘટના બનતા આ બનાવમાં આજી ડેમ પોલીસ જ ફરિયાદી બનીને ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.





રાજકોટમાં ગાંધીગ્રામમાં બનેલા હત્યાના બનાવમાં પોલીસે ફરિયાદ નોંધી વધુ તપાસ શરૂ કરી છે. ગાંધીગ્રામ શેરી નં.૮માં રહેતા અર્જુન પ્રફુલભાઈ વ્યાસ (ઉ.૨૧) નામનો યુવાન એસ.કે.ચોકમાં હતો, ત્યારે કૃણાલ ચગ નામના તેના મિત્ર સાથે ઝઘડો થતાં કૃણાલે છરીનો એક ઘા પેટમાં ઝીંકી દેતાં અર્જુન વ્યાસનું મોત થયું હતું અને આ બનાવ હત્યામાં પલ્ટાયો હતો. એસ.કે.ચોકમાં લોહીલુહાણ હાલતમાં અર્જુન પડયો હતો ત્યારે તેનો મિત્ર ત્યાંથી નીકળ્યો અને તે અર્જુનને ઓળખી જતાં તેના પિતાને જાણ કરતાં પ્રફુલભાઈ નર્મદાશંકર વ્યાસ તથા તેમના પત્ની ધર્મિષ્ઠાબેન એસ.કે.ચોકમાં દોડી ગયા હતાં.

પુત્રને સારવાર માટે હોસ્પિટલે ખસેડવામાં આવ્યો પરંતુ સારવાર મળે તે પૂર્વે જ તેનું મોત થયું હતું. બનાવની જાણ થતાં ગાંધીગ્રામ પોલીસ મથકના મહિલા પીઆઈ બી.ટી.અકબરી સહિતનો સ્ટાફ હોસ્પિટલે દોડી આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું કે અર્જુન અને કૃણાલ બન્ને મિત્રો છે. કોઈ કારણસર બન્ને વચ્ચે ઝઘડો થતાં કૃણાલે છરી કાઢી અર્જુનને એક ઘા ઝીંકી દીધો હતો.

અર્જુનના પિતા પ્રફુલભાઈ રામેશ્વર હોલ પાસે શિવ પાન નામની દુકાન ચલાવે છે. મૃતક અર્જુન અગાઉ જાહેરાતના બોર્ડ મારવાનું કામ કરતો હતો અને હાલ છેલ્લા ઘણા દિવસથી તે બેકાર હતો. મૃતક અર્જુન બે ભાઈ અને એક બહેનમાં બીજા નંબરનો હતો. આ મામલે પોલીસે ગુનો નોંધી હત્યા કરનાર કૃણાલ ચગની શોધખોળ શરૂ કરી છે.

રાજકોટમાં હત્યાના બનેલા બીજા બનાવમાં આજી ડેમ પોલીસ મથકમાં ગુનો નોંધાયો છે. કોઠારીયા રોડ વિસ્તારમાં આવેલ સાંઈબાબા સર્કલથી થોડે દૂર સ્વાતિ પાર્ક જવાના કાચા રસ્તે એક યુવાનની મૃતદેહ પડી હોવાની જાણ થતાં આજી ડેમ પોલીસ મથકનો સ્ટાફ દોડી ગયો હતો. તપાસ કરતાં આ મૃતદેહ સંતકબીર રોડ પર કહેતા વિપુલ વશરામ કયાડાની હોવાનું ખુલ્યું હતું. પ્રાથમિક તપાસમાં આ બનાવ હત્યાનો હોવાનું જાણવા મળ્યું હતું.

મૃતદેહ પાસેથી પ્લાસ્ટીકની બોટલમાં જવલનશીલ પ્રવાહી પણ મળી આવ્યું હતું. પોલીસે તપાસ કરતાં મૃતકના મોંઢામાં સુતરી બાંધેલી હતી અને તેના હાથ પણ બાંધેલા હતાં. હત્યા અન્ય સ્થળે થયાનું પોલીસની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે. આ બનાવમાં ક્રાઈમ બ્રાન્ચ અને આજીડેમ પોલીસે તપાસ કરી ભેદ ઉકેલી નાખ્યો હતો. ઉઘરાણી બાબતે યુવાનની હત્યા થયાનું તપાસમાં ખુલ્યા બાદ આરોપીઓને ક્રાઈમ બ્રાન્ચે સકંજામાં લીધો છે.

અન્ય સ્થળે હત્યા કર્યા બાદ મૃતદેહને કોઠારીયા રોડ પર સ્વાતિ પાર્ક જવાના રસ્તે અવાવરૂ સ્થળે સળગાવી નાખવામાં આવી હતી. આ અર્ધ બળેલી મૃતદેહને ફોરેન્સીક પોસ્ટ મોર્ટમ અર્થે સિવિલ હોસ્પિટલ ખાતે મોકલવામાં આવી હતી અને આ મામલે આજી ડેમ પોલીસે ફરિયાદી બની હત્યાનો ગુનો નોંધ્યો છે. બીજી તરફ હત્યારાને ક્રાઈમ બ્રાન્ચે સકંજામાં લીધો છે.

## સગીરે બેફામ સ્કોર્પિયો ચલાવી કાર-બાઈકનો બુકડો વાળી દીધો

ભારત હેડલાઇન, તા.૨૦

રાજકોટમાં સ્ટંટ કરતા યુવાનોના વીડિયો ભારે વાઈરલ થઈ રહ્યા છે. રોજ એકાદ વીડિયો સામે આવે છે. ત્યારે આમ્રપાલી ફાટક પાસે સુભાષનગર રોડ પર આજે એક સ્કોર્પિયો ચાલકે લોકોના જીવ જોખમમાં મુક્યા હતા. જેમાં પાછળથી ખુલાસો થયો હતો કે, સ્કોર્પિયો ચાલક સગીર છે. આ સગીરે બેફામ સ્કોર્પિયો ચલાવી એક કાર અને બે બાઈકનો બુકડો વાળી દીધો હતો.



ઓવર સ્પીડમાં આવેલ સ્કોર્પિયો કારે આ અકસ્માત સર્જયો હતો. એક કાર અને બે બાઈકમાં નુકસાન થયું હતું. નજરે જોનાર સ્થાનિકોએ કહ્યું કે, આશરે ૧૨૦ની સ્પીડે કાર હંકારી ચાલકે આ અકસ્માત સર્જયો છે. બનાવ બન્યો ત્યારે ત્યાં પોલીસની વાન હોય, તુરંત આ વાન સ્કોર્પિયો ચાલકને પકડવા પાછળ થઈ હતી. સ્થાનિકોએ કહ્યું, પંચર હોવા છતાં સ્કોર્પિયો બેફામ હંકારી લોકોના જીવ જોખમમાં મુક્યા હતા. સદનસીબે કોઈને ઈજા થઈ નથી. પોલીસે સગીર સહિત બે ને પકડ્યા હતા. જોકે જેના વાહનોમાં નુકસાન થયું છે તેની સાથે સગીરાના પરિવારે સમાધાન કરી લેતા બપોર સુધીમાં કોઈ ગુનો દાખલ થયો નથી. તેવું પોલીસ સૂત્રો જણાવી રહ્યા છે.

## જે મને નડ્યા તેને મુકીશ નહીંઃ ભાજપ સાંસદ રાજેશ ચુડાસમા

■ **પક્ષ હિસાબ કરે ના કરે હું કોઈને છોડીશ નહીંઃ પ્રાંચી ખાતે યોજાયેલ સમારોહમાં સાંસદની ગર્જના**



ભારત હેડલાઇન, તા.૨૦

ભાજપના સાંસદ રાજેશ ચુડાસમાએ વિરોધીઓને ખુલ્લી ધમકી આપી છે. પ્રાંચીમાં જાહેર મંચ પરથી પાંચ વર્ષ નડ્યા તેને નહીં છોડવાની ધમકી આપી છે. પ્રાંચીમાં ધારાસભ્ય ભગવાન ભારડે અભિવાદન કાર્યક્રમ યોજ્યો હતો. જેમાં મંચ પરથી રાજેશ ચુડાસમાએ વિરોધીઓને ચીમકી આપી કે ભાજપ હિસાબ કરે કે ના કરે પણ હું કોઈને છોડીશનહીં. અત્રે ઉલ્લેખનીય છે કે ૨૦૨૪ની ભારતીય સામાન્ય ચૂંટણીમાં રાજેશ ચુડાસમા જુનાગઢ લોકસભા બેઠક પરથી ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર તરીકે ચૂંટાયા હતા. આ ચૂંટણીમાં હીરા જોટવા-કોંગ્રેસને ૪,૪૪,૧૫૬ મત મળ્યા હતા. જ્યારે રાજેશ ચુડાસમા ભાજપને ૫,૭૮,૫૧૬ મત મળ્યા હતા.

ત્યારે ભાજપના રાજેશ ચુડાસમા ૧,૩૪,૩૬૦ મતથી ભાજપની જીત થઈ હતી. જીત બાદ હવે ચૂંટણીમાં નડનારા વિરોધીઓને નહીં છોડવા સાંસદ ચુડાસમાએ ખુલ્લા મંચ પરથી પડકાર ફેંક્યો છે.

# તામિલનાડુમાં ઝેરી દારૂ પીવાથી ૩૪નાં મોત

- ૬૦ લોકો સારવાર હેઠળ, જિલ્લાના DM-SPને હટાવાયા; ઘટનાની તપાસ CIDને સોંપવામાં આવી



ભારત હેડલાઈન, તા.૨૦

તામિલનાડુના કલ્લાકુરિચીમાં ઝેરી દારૂ પીવાથી ૩૪ લોકોના મોત થયા છે. ૬૦થી વધુ વિવિધ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ મામલે પોલીસે એક વ્યક્તિ કે કન્નુકુટ્ટી (૪૯)ની ધરપકડ કરવામાં આવી છે. તેની પાસેથી આશરે ૨૦૦ લીટર ઝેરી દારૂ મળી આવ્યો છે. તેમાં મિથેનોલ ભેળવવામાં આવેલું હતું.

૧૮ જૂને કલ્લાકુરિચી જિલ્લાના કરુણાપુરમમાં બનેલી ઘટનાનો ભોગ બનેલા મોટાભાગના લોકો મજૂર હતા. દારૂ પીધા બાદ રાત્રે આ લોકોને ઝાડા, ઉલ્ટી, પેટમાં દુખાવો અને આંખોમાં બળતરા થવા લાગી હતી.

પોલીસે આ કેસમાં એક વ્યક્તિ કે કન્નુકુટ્ટી (૪૯)ની ધરપકડ કરી છે. તેની પાસેથી આશરે ૨૦૦ લીટર ઝેરી દારૂ, જેમાં મિથેનોલ ભેળવવામાં આવ્યો છે, મળી આવ્યો છે.

કલ્લાકુરિચીમાં ૧૨ એમ્બ્યુલન્સ તહેનાત છે. પોલીસના જણાવ્યા અનુસાર મૃત્યુ પામેલા લોકોનું પોસ્ટમોર્ટમ કરવામાં આવી રહ્યું છે. રિપોર્ટ આવ્યા બાદ મોતનું સાચું કારણ બહાર આવશે. આ ઘટના બાદ રાજ્ય સરકારે કલ્લાકુરિચીના કલેક્ટર-એસપીને હટાવી દીધા છે. તેમના સ્થાને એમએસ પ્રશાંતને કલેક્ટર અને રજત ચતુર્વેદીને એસપી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

ઘટના અંગે સીએમ એમકે સ્ટાલિને x પર લખ્યું: કલ્લાકુરિચીમાં ઝેરી દારૂ પીવાથી લોકોના મોતના સમાચાર સાંભળીને હું આઘાત અને દુઃખી છું. આ કેસમાં ગુનામાં સંડોવાયેલા લોકોની ધરપકડ કરવામાં આવી છે. તેને રોકવામાં નિષ્ફળ રહેલા અધિકારીઓ સામે પણ કાર્યવાહી કરવામાં આવી છે.


૨૦ થી વધુ લોકોને કલ્લાકુરિચી મેડિકલ કોલેજ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ૧૮ લોકોને પુડુચેરી JIPMER અને ૬ લોકોને સાલેમ રિફર કરવામાં આવ્યા હતા.

કલ્લાકુરિચીમાં ૧૨ એમ્બ્યુલન્સ તૈનાત છે. પોલીસના જણાવ્યા અનુસાર મૃતકનું પોસ્ટમોર્ટમ કરવામાં આવી રહ્યું છે. રિપોર્ટ આવ્યા બાદ મોતનું સાચું કારણ બહાર આવશે. અધિકારીઓએ કહ્યું છે કે દવાઓ વિલ્લુપુરમ, તિરુવન્નામલાઈ અને સાલેમથી લાવવામાં આવી છે. કલ્લાકુરિચી હોસ્પિટલમાં ડોક્ટરોની વિશેષ ટીમને બોલાવવામાં આવી છે. આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓ સ્થળ પર હાજર છે.

## કોંગ્રેસે ફેક્ટ ફાઈન્ડિંગ કમિટી બનાવી: ચૂંટણીમાં પાર્ટીના ખરાબ પ્રદર્શનનું કારણ જાણશે

ભારત હેડલાઈન, તા.૨૦

કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ ફેક્ટ ફાઈન્ડિંગ કમિટીની રચના કરી છે. લોકસભા ચૂંટણી ૨૦૨૪માં જે રાજ્યોમાં પાર્ટીનું પ્રદર્શન સાવ નબળું રહ્યું હતું અને જે રાજ્યોમાં પાર્ટીને હારનો સામનો કરવો પડ્યો હતો, હવે આ સમિતિ હાર અને ખરાબ પ્રદર્શનના કારણો જાણશે. જે રાજ્યોમાં પાર્ટીએ લોકસભા ચૂંટણીમાં ખૂબ જ ખરાબ પ્રદર્શન કર્યું છે તેમાં મધ્યપ્રદેશ, છત્તીસગઢ, ઓડિશા, ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ, કર્ણાટક, તેલંગાણા અને દિલ્હીનો સમાવેશ થાય છે. કોંગ્રેસને મધ્યપ્રદેશ, ઉત્તરાખંડ, દિલ્હી અને હિમાચલ પ્રદેશમાં એક પણ બેઠક મળી નથી. કર્ણાટક અને તેલંગાણામાં પણ તેનું પ્રદર્શન અપેક્ષા મુજબ રહ્યું નથી. હિમાચલ પ્રદેશમાં કોંગ્રેસની સરકાર છે. હજુ પણ પાર્ટી ખાલી હાથ રહી છે. ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસે ૯૯ બેઠકો મેળવી છે. રાહુલ ગાંધી રાયબરેલી અને વાયનાડ બંને બેઠકો પરથી જીત્યા. જો કે, તેમણે વાયનાડ સીટ છોડી દીધી છે. હવે પ્રિયંકા ગાંધી વાડ્રા પેટાચૂંટણીમાં વાયનાડથી ચૂંટણી લડશે.



## IIT બોમ્બેના વિદ્યાર્થીઓએ રામ-સીતાનું કર્યું અપમાન, સંસ્થાને ફટકાર્યો ૧.૨ લાખ રૂપિયાનો દંડ




ભારત હેડલાઈન, તા.૨૦

IIT બોમ્બેમાં ઓપન-એર થિયેટરમાં નાટક દરમિયાન ભગવાન રામ અને દેવી સીતાનું અપમાન કરવાનો મામલો સામે આવ્યો છે. આ મામલે સંસ્થાને કડક કાર્યવાહી કરતા વિદ્યાર્થીઓ પર ૧.૨ લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો છે.

દંડની રકમ એક સેમેસ્ટરની ફી જેટલી છે. માર્ચમાં વિદ્યાર્થીએ રામાયણ પર આધારિત 'રાહોવન' નામના નાટકમાં ભાગ લીધો હતો. આ નાટક હિંદુ ધર્મની સાથે-સાથે રામ અને સીતા પ્રત્યે અપમાનજનક છે. IITએ અન્ય સાત વિદ્યાર્થીઓને પણ દંડ ફટકાર્યો છે. આ મામલે જ્યારે મેનેજમેન્ટ પાસે વિદ્યાર્થીઓની ફરિયાદ પહોંચી તો પ્રથમ નાટક અંગેની ફરિયાદોના નિરાકરણ માટે ૮મી મેના રોજ શિસ્ત સમિતિની બેઠક બોલાવવામાં આવી હતી. IIT બોમ્બેએ ૪ જૂનના રોજ વિદ્યાર્થીને દંડની નોટિસ જારી કરી હતી. નોટિસમાં કહેવામાં આવ્યું છે કે ૧.૨ લાખ રૂપિયાનો દંડ ૨૦ જુલાઈ ૨૦૨૪ના રોજ ડીનની ઓફિસમાં જમા કરાવવાનો છે. એવું પણ કહેવામાં આવ્યું છે કે આ દંડનું ઉલ્લંઘન કરવા બદલ વધુ પ્રતિબંધો લગાવવામાં આવશે.

આ નાટક અંગે ફરિયાદમાં કહેવામાં આવ્યું છે કે, આનાથી આપણી સંસ્કૃતિ અને ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચી છે.

ખૂબ જ વિચાર-વિમર્શ બાદ કમિટીએ કડક કાર્યવાહી કરવાનો નિર્ણય લીધો. સિનિયર વિદ્યાર્થીઓ પર ૧.૨-૧.૨ લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો હતો જ્યારે જુનિયર વિદ્યાર્થીઓને ૪૦,૦૦૦ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો હતો. એટલું જ નહીં આરોપી વિદ્યાર્થીઓને હોસ્ટેલની સુવિધામાંથી પણ બહાર કરી દેવામાં આવ્યા છે.

વિદ્યાર્થીઓને મોકલવામાં આવેલી નોટિસને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર IIT B for Indiaએ શેર કરી હતી, જે IIT બોમ્બે કેમ્પસનું જ એક જૂથ છે જે ભારતીય સંસ્કૃતિના મૂલ્યોને જાળવી રાખવાનો દાવો કરે છે. આ જૂથે જ નાટકનો વિરોધ કર્યો હતો. બાદમાં સંસ્થાનની કાર્યવાહીનું સ્વાગત કર્યું હતું.

# રાજકોટમાં ૨,૧૦૦થી વધુ ધાર્મિક દબાણો દૂર કરાશે

## બિનખેતીની ફાઈલોનો નિકાલ કરવા માટે સુચના

ભારત હેડલાઇન, તા.૨૦

રાજ્ય સરકારના મહેસુલ વિભાગના સચીવ તેમજ ઉચ્ચ અધિકારીઓ દ્વારા આજે ઉઘડતી કચેરીએ જ કલેકટર કોન્ફરન્સ આયોજિત કરી હતી. જેમાં રાજકોટ સહિત રાજયના ૩૩ જિલ્લાના કલેકટર, અધિક કલેકટર જોડાયા હતા. જેમાં જિલ્લા વાઇઝ મહેસુલી કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી. રાજકોટ શહેર અને જિલ્લામાં ૨,૧૦૦થી વધુ ધાર્મિક દબાણો હોવાનું સામે આવ્યુ છે. જે દબાણો મહેસૂલ વિભાગના આદેશથી દૂર કરવામા આવશે. આ ઉપરાંત બિનખેતીની ફાઈલોનો નિકાલ કરવા માટે આદેશ આપવામાં આવ્યો હતો.



જિલ્લા કલેકટર પ્રભવ જોષીએ જણાવ્યું હતું કે, મહેસુલ વિભાગની આજની આ કલેકટર કોન્ફરન્સ દરમિયાન દબાણો હટાવવા તેમજ બિનખેતીની ફાઈલોનો નિકાલ કરવા માટે આદેશ આપવામાં આવ્યો છે. તેઓએ જણાવ્યું હતું કે, અગાઉની કોન્ફરન્સમાં પણ મહેસુલ વિભાગ દ્વારા ધાર્મિક દબાણો હટાવવા તાકીદ કરવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટના દિશાનિર્દેશ અને હાઈકોર્ટની ગાઈડલાઈન મુજબ ધાર્મિક દબાણો હટાવવા માટેની ઝુંબેશ શરૂ કરવામાં આવશે. રાજકોટ શહેર-જિલ્લામાં ૨,૧૦૦થી વધુ ધાર્મિક દબાણો ખડકાયા હોવાનું અગાઉના સર્વે રિપોર્ટમાં ખુલ્યું છે. જેમાં જિલ્લા પંચાયત હસ્તકની જમીનમાં ૭૯૦, ગોંડલમાં ૩૦૫, જસદણમાં ૬૬, રાજકોટ ગ્રામ્ય વિસ્તારમાં ૨૨૦ ધાર્મિક દબાણો ખડકાયા છે. જ્યારે નેશનલ હાઈવેની જમીન પર ૩૮, DILRની જમીન પર ૨૦૮, માર્ગ અને મકાન વિભાગની જમીન પર ૧૩૮ ધાર્મિક દબાણો ખડકાયા છે. વહીવટીતંત્ર દ્વારા છેલ્લા ૪ વર્ષમાં આવા ૧૧૭ જેટલા દબાણો દુર કરવામાં આવ્યા છે. જોકે હવે રાજ્ય સરકાર દ્વારા રાજકોટ સહિત તમામ જિલ્લાના કલેકટરોને ધાર્મિક દબાણો હટાવવા માટેની ઝુંબેશ શરૂ કરવાનો આદેશ આપવામાં આવતા હવે વહીવટી તંત્ર દ્વારા અલગ અલગ જગ્યાએ થયેલા ધાર્મિક દબાણો દૂર કરવામાં આવશે.

# અધિક કલેકટરની કોર્ટમાં વેપારીને ૧૫ લાખનો દંડ



- **ન્યુટ્રાસ્યુટિકલ્સ અને સપ્લીમેન્ટરી ટેબલેટનો નમૂનો મિસ બ્રાન્ડેડ જાહેર થતાં આકરો દંડ ફટકારાયો**

ભારત હેડલાઇન, તા.૨૦

તાજેતરમાં ફૂડ વિભાગ દ્વારા ફાર્મા કંપનીની લેવામાં આવેલી વિટામીનની દવાઓના લેબોરેટરી પરિક્ષણ દરમિયાન બંને નમુના ફેઈલ જતાં આ અંગેના ફૂડ સેફટીના કેસો રાજકોટ નિવાસી અધિક કલેકટર અને એડ્જ્યુડીકેટીંગ ઓફિસર ચેતન ગાંધી સમક્ષ ચાલી જતાં તેઓએ ફુડ એન્ડ સેફટી એક્ટ હેઠળ દવાઓની બંને કંપનીના ઓનરો તથા તેના ડીસ્ટ્રીબ્યુટરો અને હોલસેલરોને કુલ રૂા. ૧૫.૩૦ લાખનો દંડ ફટકાર્યો હોવાનું કલેક્ટર કચેરીના સુત્રોમાંથી જાણવા મળી રહ્યું છે.

આ અંગેની જાણવા મળતી વધુ વિગતો મુજબ વિટામીનની દવાઓ બનાવતી અલ્કેમલેબ (મહારાષ્ટ્ર)ની ઝેડએનએસ પ્લસ વિટામીનની દવાનો તાજેતરમાં નમુનો લેવામાં આવ્યો હતો.


ફૂડ એન્ડ ડ્રગ લેબોરેટરી વડોદરા ખાતે આ દવાનું પરિક્ષણ કરવામાં આવેલ હતું પરિક્ષણ દરમિયાન આ દવા મીસબ્રાન્ડ જાહેર થતાં અલ્કેમલેબના ઓનર તથા હોલસેલર નરેન્દ્ર અમૃતલાલ પંચાલ તથા અમદાવાદના સ્ટોકીસ્ટ જીજ્ઞેશ કે. શાહ અને સુપર સ્ટોકીસ્ટ રાકેશ મંદનને અનુક્રમે રૂા.૩-૩ લાખ અને ૧૦-૧૦ હજારનો દંડ ફટકારવામાં આવેલ હતો.

જયારે પ્રોબાયોટેક એમ.પી. ઇન્દોરની વિટામીનની દવા પ્રોએઝેડ ડાયેટ્રી સપ્લીમેન્ટ ટેબલેટનું પણ લેબોરેટરી પરિક્ષણ દરમિયાન મિસબ્રાન્ડ જાહેર થયો હતો આથી મેક્સન્યુરા કંપની તેમજ તેના સ્ટોકીસ્ટ તેમજ સુપર સ્ટોકીસ્ટને પણ અનુક્રમે રૂા.૩ -૩લાખ તેમજ રૂા.૧૦ હજારના દંડ ફટકારવામાં આવેલ હતા. આમ રાજકોટ જિલ્લા નિવાસી અધિક કલેકટર દ્વારા ફુડ સેફટીના બંને કેસોમાં કુલ રૂા.૧૫.૩૦ લાખનો દંડ કરવામાં આવેલ હતો.

# જૈન શ્રેષ્ઠી સુનીલ શાહ, ગાયિકા અશ્વિની મહેતા જમાવટ કરશે







## એક શામ હેમંતદા – મુકેશ કે નામ : કાલે હેમુ ગઢવી હોલ (મીની) ખાતે ફિલ્મી ગીતોનો રસપ્રદ, સુમધુર કાર્યક્રમ

ભારત હેડલાઇન, તા.૨૦

આગામી તા.૨૨ના શનિવારે રાત્રે નવ કલાકે હેમુ ગઢવી હોલ (મીની) ખાતે 'એક શામ હેમંતદા તથા મુકેશજી કે નામ સંગીત મઢયા કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. ઉપરોક્ત કાર્યક્રમનું આયોજન જાણીતા જૈન અગ્રણી, શેરબજારના કિંગ સુનીલભાઈ શાહ તથા અશ્વિની મહેતાએ કરેલું છે.

ઉપરોક્ત કાર્યક્રમમાં સુનીલભાઈ શાહ હેમંતદા તથા મુકેશજીના ગીતો પોતાના મધુર કંઠે પ્રસ્તુત કરશે. તેમને સાથ આપશે. જાણીતા પ્લેબેક સીંગર અશ્વિની મહેતા તથા ઉપરોક્ત કાર્યક્રમનું સંચાલન સ્મિતાબેન વ્યાસ કરશે.

સંગીત સંધ્યામાં જાણીતા કીબોર્ડ આર્ટીસ્ટ બિપીન મકવાણા, ગીટારીસ્ટ હિતેશભાઈ મહેતા તથા તેમની ટીમ સંગીત સંગત કરશે.

આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે પ્રીતિબેન શાહ (સ્માઈલ પરિવાર) તથા બોલબાલાના જયેશભાઈ ઉપાધ્યાય ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમના પ્રવેશપત્રો ઈકોનો બ્રોકીંગ, ૧૧, પંચનાથ પ્લોટ ખાતેથી ઉપલબ્ધ થશે. વિશેષ વિગતો માટે અજયભાઈ ( ૮૨૦૦૭ ૮૬૭૨૭ )નો સંપર્ક કરવા અને સંગીત રસિકોને લાભ લેવા જણાવાયું છે.

યોગદિનની ઉજવણીની સ્થળ મુલાકાતમાં હાજર નહી રહેતા

# મનપાના ડે. કમિશનર ખરેને સ્ટે.ચેરમેન જયમીન ઠાકરે ખખડાવી નાંખ્યા !

- નાયબ કમિશનરને ફરજ યાદ કરાવી, પદાધિકારીની સતાનું ભાન કરાવ્યું

ભારત હેડલાઇન, તા.૨૦

મનપા દ્વારા યોગ દિનની ઉજવણી કરવામાં આવનાર છે અને મનપા પદાધિકારીઓએ તમામ પાંચ સાઇટની વિઝીટ કરી હતી ત્યારે ડે.કમિશ્નર સ્વપિનલ ખરે ઉપસ્થિત રહ્યા ન હોય, સ્ટે.ચેરમેન જયમીન ઠાકર આ અંગે અધિકારીનો જવાબ માંગ્યોનું જાણવા મળ્યું છે. તમામ પદાધિકારીઓ અને ડે.કમિશ્નર, સીટી ઇજનેર સહિતના તંત્ર વાહકો યોગના જુદા જુદા સ્થળ, ગાંધી મ્યુઝીયમ, મહિલા સ્વીમીંગ પુલની મુલાકાતે ગયા હતા. આંતર રાષ્ટ્રીય યોગ દિનની ઉજવણી દર વર્ષે પ્રેરક કરવામાં આવે છે. ચૂંટાયેલી પાંખ અને તંત્ર મળીને આયોજન કરે છે. જે અંતર્ગત સ્થળ મુલાકાત હતી. પરંતુ ડે.કમિશનર સાથે ગયા ન હતા. દરમ્યાન સ્ટે.ચેરમેન ઠાકરે પ્રિ-મોન્સુન કામગીરી અંગે તમામ વિભાગના વડાઓ, ત્રણે ડે.કમિશ્નર, સીટી ઇજનેરો સાથે મીટીંગ કરી હતી. સાઇટ વિઝીટમાં જોડાવવા ન બદલ તેમણે ડે.કમિશ્નર ખરેનો ખુલાસો પૂછયો હતો. તેમને વ્યવસ્થામાં સિસ્ટમ મુજબ જોડાયેલા રહેવાની ફરજ યાદ કરાવી હતી તેમ અધિકારી સુત્રોમાંથી જ જાણવા મળ્યું હતું. ભુતકાળમાં પણ એક ડે.કમિશ્નર સ્ટે.કમીટીમાં આવતા ન હોય તે વખતના ચેરમેને આ ડે.કમિશ્નરને એકટ મુજબની ફરજો યાદ કરાવતા તેઓ દોડતા થઇ ગયા હતા તે ઉલ્લેખનીય છે.



## સદ્દભાવના વૃદ્ધાશ્રમ દ્વારા આંબાની કલમ રૂ. ૮૦માં અપાશે

સદ્દભાવના વૃદ્ધાશ્રમ

- પ્રકૃતિ પાડે પોકાર, વૃક્ષો માટે કરો વિચાર'
- 'વૃક્ષોની પહેરાવી સાડી, મા ભોમને બનાવો હરિયાળી'

ભારત હેડલાઇન, તા.૨૦

સદભાવના વૃદ્ધાશ્રમ દ્વારા મવડી-કણકોટ ચોકડી પાસે, શુભ મંગલ પાર્ટી પ્લોટની નજીક, રીંગ રોડ-૨, રાજકોટ ખાતેથી ખુબ કિમતી આંબાની કલમ માત્ર રૂ. ૮૦ માં અપાશે, રોપાની ઉંચાઇ ૪ ફૂટ રહેશે. અત્રે ઉલ્લેખનીય છે કે, ભારતીય સંસ્કૃતિ વિશ્વભરમાં અજોડ છે. આપણે માનીએ છીએ કે જીવજંતુ, વૃક્ષ વગેરેમાં પરમાત્માનો વાસ છે. તેની રક્ષા અને નૈસર્ગિક સંતુલન બનાવી રાખવા માટે પશુ પક્ષીઓને ઈશ્વરના વાહન તરીકે સ્થાન આપીને તેની રક્ષા કરવા પ્રયત્ન કરવામાં આવ્યો છે. તેવી જ રીતે વૃક્ષોને પણ ભારતીય સંસ્કૃતિમાં અનેરું સ્થાન આપવામાં આવ્યું છે. આપણી સંસ્કૃતિ વૃક્ષ બચાવ, વૃક્ષ ઉછેર અને વૃક્ષારોપણને મહત્વ આપે છે. વૃક્ષો, જંગલો પૃથ્વીનું સંતુલન કરનાર હરિયાળી છે. જંગલ કે વૃક્ષ વિનાની પૃથ્વી ધડ વિનાનાં માનવી જેવી છે અને આપણે એ ધડને જ કાપી રહ્યા છીએ. પૃથ્વી પર પર્યાવરણનું સંતુલન જાળવી રાખવાં માટે પ્રકૃતિનાં દરેક રંગ અને રૂપને સમરસ જાળવવા જરૂરી છે. આંબાની કલમ મેળવવા માટે સદભાવના વૃદ્ધાશ્રમ નર્સરી, મવડી-કણકોટ ચોકડી પાસે, શુભ મંગલ પાર્ટી પ્લોટની નજીક, રીંગ રોડ-૨, રાજકોટ, મો. ૯૨૬૫૯ ૭૩૦૮૯ ઉપર સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

## રાજકોટ યાર્ડના ચેરમેન અને વાઈસ ચેરમેન માટે ૫ જુલાઈએ ચૂંટણી યોજાશે, મેન્ડેટ પર રહેશે નજર

ભારત હેડલાઇન, તા.૨૦




સૌરાષ્ટ્રના સૌથી મોટા રાજકોટ માર્કેટ યાર્ડના આગામી અઢી વર્ષ માટે ચેરમેન- વાઈસ ચેરમેન નકકી કરવા આગામી તા.૫ જુલાઈના રોજ ચૂંટણી જાહેર કરવામાં આવી છે, ત્યારે વર્તમાન ચેરમેન જયેશ બોઘરા અને વાઈસ ચેરમેન વસંત ગઢીયા રિપીટ થશે કે ભાજપ દ્વારા નવા ચહેરાઓને તક અપાશે? તે તરફ સૌની મીટ મંડાયેલ છે.

માર્કેટ યાર્ડમાં હાલ સહકારી નેતા જયેશ રાદડીયા જૂથનો દબદબો છે. ૧૬માંથી ૧૫ બેઠકો ઉપર રાદડીયા જૂથના સભ્યો ચુંટાયેલા હોવાથી જયેશ રાદડીયા નકકી કરે તે ચેરમેન બને તેવી શકયતા છે. જો કે ભાજપ દ્વારા ચેરમેન વાઈસ ચેરમેનના નામના મેન્ડેટ આપવામાં આવે છે કે સ્થાનિક નેતાઓ ઉપર નિર્ણય છોડી દેવામાં આવશે તે તરફ સૌની નજર મંડાયેલી છે.

માર્કેટ યાર્ડના ચેરમેન પદ માટે જયેશ બોઘરા સિવાય પરસોતમ સાવલીયા પણ દાવેદાર મનાય છે. અઢી વર્ષ પહેલા પણ ચેરમેન પદે સાવલીયાનું નામ નકકી મનાતુ હતું.

પરંતુ સહકારી ક્ષેત્રના વિવાદોના કારણે પાર્ટીએ જયેશ બોઘરા ઉપર પસંદગી ઉતારી હતી અને અઢી વર્ષ દરમિયાન જયેશ બોઘરાએ યાર્ડના વહીવટમાં મોટાપાયે સાફસુફી કરી આવકમાં મોટો વધારો કર્યો છે, ત્યારે પાર્ટી દ્વારા ફરી એક વખત તેને રીપિટ કરવામાં આવે તેવી શકયતા વધુ છે.

આ સિવાય સહકારી ક્ષેત્રમાં ચાલતા સગવડીયા સંબંધોમાં પણ કોઇ તડજોડ થાય તો ના કહી શકાય નહીં તેવું જાણકારો જણાવી રહ્યા છે. રાજકોટ માર્કેટ યાર્ડ સિવાય ગોંડલ માર્કેટયાર્ડના ચેરમેન અને વાઈસ ચેરમેનની આગામી ૨૯ જુને ચૂંટણી જાહેર થઇ છે, ત્યારે રાજકોટ જિલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશ ઢોલરીયા હાલ ચેરમેન હોય, ગોંડલમાં બન્ને હોદેદારો રીપિટ થાય તેવી શકયતા વધુ છે.

માલિક, મુદ્રક, પ્રકાશક અને તંત્રી : અમિતકુમાર બીપીનભાઈ ઠક્કર, મુદ્રણ – પ્રકાશન સ્થાન : ભારત હેડલાઈન પ્રિન્ટર્સ, ડ્રિમ સીટી ડીર–૧૦૩, દ્વારકેશ પાર્ક પાસે, આલાપ ગ્રીન સીટી પાછળ, રૈયા રોડ, રાજકોટ–૩૬૦૦૦૭
Onwer, Publisher, Printer Editor : AMITKUMAR BIPINBHAI THAKKAR, Printed At : BHARAT HEADLINE PRINTERS, DREAM CITY D2-103, NR DWARKESH PARK, B/H. AALAP GREEN CITY, OFF RAIYA ROAD, RAJKOT, 360005, Published At: DREAM CITY D2-103, NR DWARKESH PARK, B/H. AALAP GREEN CITY, OFF RAIYA ROAD, RAJKOT, 360007

# નવનિયુક્ત પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાએ પ્રથમ બદલીનો ઘાણવો કાઢયોઃ નવ પોલીસમેનોની કરાઈ અરસપરસ બદલી




- **એલસીબી ઝોન–૨ના મૌલીક સાવલીયા પ્રનગરમાં : કુવાડવા રોડના મહમદ હારૂન હેડ કવાર્ટરમાં: મહિલા પોલીસ કોન્સ્ટેબલ પ્રિયંકાબા એ ડીવીઝનમાં મુકાયા**

ભારત હેડલાઇન, તા.૨૦

શહેર પોલીસના પોલીસમેનો ઘણા સમયથી પોતાની માંગણી મુજબની બદલીઓની રાહ જોતા હતા ત્યારે આજે શહેર પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝાએ પોતાના કાર્યકાળનો પ્રથમ બદલીનો ઘાણવો કાઢયો હતો તેમાં નવ પોલીસમેનોની અરસપરસ બદલી કરવામાં આવી હતી. જેમાં આજીડેમ પોલીસ મથકમાં ફરજ બજાવતા હેડકોન્સ્ટેબલ રાજેન્દ્રસિંહને ટ્રાફીક શાખામાં, કુવાડવા રોડ પોલીસ મથકમાં ફરજ બજાવતા એએસઆઈ મહમદ હારૂન હૈદર બકસ ને હેડકવાર્ટરમાં, પ્રનગરમાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ દિવ્યાબેનને હેડ કવાર્ટરમાં, હેડ કવાર્ટરમાં ફરજ બજાવતા એએસઆઈ કૃપાબેનને સાયબર ક્રાઈમમાં, એલસીબી ઝોન-૨માં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ મૌલીક સાવલીયાને પ્રનગરમાં, હેડ કવાર્ટરમાં ફરજ બજાવતા રવિભાઈને ગાંધીનગર પોલીસ મથક અને પરેશભાઈને એરપોર્ટ પોલીસ મથકમાં બદલી કરવામાં આવી હતી. જયારે મહિલા પોલીસ મથકમાં ફરજ બજાવતા કોન્સ્ટેબલ પ્રિયંકાબાને એ ડીવીઝન અને તાલુકા પોલીસ મથકમાં ફરજ બજાવતા કોન્સ્ટેબલ કુલદીપસિંહ પેરોલ ફર્લો સ્કવોડમાં પોતાની માંગણી મુજબ ટ્રાન્સફર કરવામાં આવેલ છે.

# નારી ઉત્કર્ષની ગાથા વર્ણવતા મહિલા દિનની કરાઈ BAPS સ્વામિનારાયણ મંદિરના આંગણે ઉજવણી



- **'સુવર્ણ વર્ષે ગાથા સન્નારીઓની' થીમ હેઠળ દસ હજારથી અધિક મહિલા ભકતો સમક્ષ ૧૨૦૦ બાબા, યુવતી તથા મહિલાઓ દ્વારા પ્રેરક પ્રસ્તુતિ**

ભારત હેડલાઇન, તા.૨૦

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના ગુરુદેવ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની ઉપસ્થિતિમાં તા.૧૪ જૂન થી તા.૧૦ જુલાઈ દરમિયાન રાજકોટ બી.એ.પી.એસ. સ્વામિનારાયણમંદિરેવિવિધ સાંસ્કૃતિક અને રસપ્રદ કાર્યક્રમોનું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે ત્યારે તેમના રોકાણ દરમિયાન કાર્યકર સુવર્ણ મહોત્સવ નિમિતે બાલિકા, યુવતી તથા મહિલા પાંખ દ્વારા 'સુવર્ણ વર્ષે સુવર્ણ ગાથા સન્નારીઓની' મધ્યવર્તી વિચાર સાથે વિરાટ મહિલા દિનનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્ત્રી શક્તિને બિરદાવવા રાજકોટ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરે વિરાટ મહિલા સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મહિલા સંમેલનમાં ૧૦,૦૦૦ જેટલી નાની બાલિકાઓથી લઈને વયોવૃધ્ધ મહિલાઓ ઉત્સાહભેર ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમની શરૂઆત સંગીતજ્ઞ મહિલાવૃંદ દ્વારા ધૂન, પ્રાર્થના અને સ્તુતિ દ્વારા કરવામાં આવી હતી. બાલિકાઓએ મંગલાચરણ દ્વારા ઉપસ્થિત સૌનું સ્વાગત કર્યું. ત્યારબાદ 'આનંદનો રંગ ઢોળો' કીર્તન દ્વારા બાલિકાઓએ આકર્ષક નૃત્યકલા પ્રસ્તુત કરી હતી. 'સુવર્ણ વર્ષે સુવર્ણ ગાથા સન્નારીઓની' વિષયક પ્રેરણાત્મક સંવાદ યુવતીઓ દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો,જેમાં કાર્યકરોની સત્સંગ, સમર્પણ, સમજણ, સંપ ભાવનાનો સંદેશો પણ સર્વે પ્રાપ્ત કર્યો. જેમાં ૨ વર્ષની બાલિકાથી લઈને ૭૦ વર્ષની મહિલાઓ દ્વારા પ્રેરક પ્રસ્તુતિ કરવામાં આવી હતી જેઓ છેલ્લા ૧ મહિનાથી આ પ્રસ્તુતિ માટે જહેમત ઉઠાવી રહ્યા હતા.નાની બાલિકાઓ કે જેમણે સંસ્કૃતનો અભ્યાસ કરી વિશ્વ કક્ષાએ ક્રમાંક લાવી હતી તેનું સન્માન કરવામાં આવ્યું હતું.

## 'મારી શાળા સલામત શાળા' અભિયાન અંતર્ગત

# સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ દ્વારા પ્રથમ દિવસે ૨૦ શાળાઓમાં યોજાઇ મોકડ્રીલ



- **સલામતી અંગે વિદ્યાર્થીઓ શિક્ષકોને અપાયુ માર્ગદર્શન**

ભારત હેડલાઇન, તા.૨૦

ગુજરાત રાજ્યમાં છાશવારે બનતી દુર્ઘટના તેમજ રાજકોટ શહેરમાં તાજેતરમાં થયેલ ગેમઝોન અગ્નિકાંડને ધ્યાનમાં લઇ સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ દ્વારા વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે મારી શાળા સલામત શાળા અભિયાન શરૂ કરવામાં આવેલ છે. આ અભિયાન અંતર્ગત બાળકોમાં સલામતી અંગે સમજણ કેળવાય તે માટે આજે તા. ૨૦ જુન થી ૨૪ જુન દરમિયાન પ્રથમ કાલાવાડ રોડ ઝોનની શાળાઓ સહિત શહેરની તમામ ખાનગી શાળાઓમાં ક્રમશઃ ફાયર મોક ડ્રિલના આયોજન કરવામાં આવેલ છે. જેમાં આજે ૨૦ શાળાઓમાં મોકડ્રીલ કરવામાં આવી હતી. આ અભિયાન અંગે વધુ જણાવતા સ્વનિર્ભર શાળા સંચાલક મંડળના પ્રમુખ ડી.વી. મહેતા જણાવે છે કે આ અભિયાન થકી સલામતી અને સુરક્ષાની બાબતે વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓમાં ૩૬૦ ડિગ્રી સલામતી માટેની જાગૃતિ કેળવવામાં આવશે. આ અભિયાનનો પ્રારંભ ફાયર સેફ્ટી અંગે બાળકોમાં સમજ અને જાગૃકતા કેળવવાનો છે. તેથી આગામી દિવસોમાં ક્રમશઃ રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનના ફાયર વિભાગના સહયોગથી મોક ડ્રિલના આયોજન થવા જઈ રહ્યા છે. જેમાં પ્રથમ ચરણમાં કાલાવડ ઝોનની ૨૨ જેટલી શાળાઓમાં મોક ડ્રિલના આયોજન થશે. આજે જેમાં આજે કલ્યાણ હાઈસ્કૂલ, શક્તિ હાયર સેકન્ડરી સ્કુલ અને તપસ્વી સ્કૂલમાં ૮:૩૦ થી ૯:૩૦ દરમિયાન તેમજ ન્યુ એરા સ્કૂલ, જીનીયસ ઇંગ્લીશ મીડીયમ સ્કુલ, જીવન શાંતિ પ્રાથમિક અને માધ્યમિક શાળા તથા ચાણક્ય માધ્યમિક શાળામાં ૧૦:૩૦ થી ૧૧:૩૦ દરમિયાન મોક ડ્રિલના આયોજન કરવામાં આવેલ હતું.

# જમીનનાં રિ-સર્વે અંગે પ્રભારી મંત્રી રાઘવજીભાઈ પટેલની આજે કલેકટર સાથે બેઠક



ભારત હેડલાઇન, તા.૨૦

રાજકોટ જિલ્લાનાં પ્રભારી મંત્રી રાઘવજીભાઈ પટેલ રાજકોટનાં પ્રવાસે આવી રહ્યા છે.રાજકોટ ખાતે જિલ્લા કલેકટર કચેરી ખાતે જિલ્લા કલેકટર અને ડી.આઈ.એલ.આર.નાં અધિકારીઓ સાથે બેઠક યોજનાર છે. આ બેઠકમાં પ્રભારી મંત્રી જમીનનાં ચાલી રહેલા ડિઝીટલ રિસર્વે અંગે વિગતો મેળવશે અને અધિકારીઓને જરૂરી માર્ગદર્શન પણ આપશે.

# રાજકોટમાં જીજાબાઈ સ્નાનાગાર ખાતે મહિલાઓ દ્વારા 'એકવા યોગા'નું આયોજન

ભારત હેડલાઇન, તા.૨૦

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તા. ૨૧ મી જૂન ''વિશ્વ યોગ દિવસ'' નિમિતે શહેરના પાંચ સ્થળોએ યોગનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં (૧) સેન્ટ્રલ ઝોન, શ્રી માધવરાય સિંધિયા ક્રિકેટ સ્ટેડિયમ, રેસકોર્ષ (૨) વેસ્ટ ઝોન. નાના મૌવા ચોક ખાતેનું મેદાન (૩) ઈસ્ટ ઝોન, ગ્રીનલેન્ડ પાર્ટી પ્લોટ, ગ્રીનલેન્ડ ચોકડી પાસે (૪) મહાત્મા ગાંધી મ્યુઝિયમ, જ્યુબિલી ચોક ખાતે દિવ્યાંગ અને ખાસ કેટેગરીના લોકો માટે તેમજ (૫) શ્રી જીજાબાઈ મહિલા સ્નાનાગાર, સાધુ વાસવાણી રોડ ખાતે મહિલાઓ દ્વારા ''એકવા યોગા''નું આયોજન કરવામાં આવેલ છે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ''વિશ્વ યોગ દિવસ નિમિતે દર વર્ષની માફક આ વર્ષે પણ ''શ્રી જીજાબાઈ મહિલા સ્નાનાગાર'' સાધુ વાસવાણી રોડ ખાતે મહિલાઓ દ્વારા સ્નાનાગારમાં એકવા યોગાનું આયોજન કરેલ છે. આરતી માંડલીયા ઓનર ઓફ પ્રિયમ




યોગા એન્ડ ફિટનેસ સ્ટુડિયોના માર્ગદર્શન હેઠળ ''એકવા યોગા'નું આયોજન કરેલ છે. જેમાં જીજાબાઈ મહિલા સ્નાનાગારમાં ૨૦ વર્ષથી ૬૫ વર્ષ સુધીની વય જૂથની ૫૦ જેટલી મહિલાઓ પાણીની અંદર 'એકવા યોગા' કરશે. યોગ પ્રોટોકોલમાં દર્શાવ્યા મુજબના વિવિધ આસનો ઉપરાંત ઊભા રહીને કરવાના આસનો, બેસીને કરવાના આસની, ઊંધા સુઈને તેમજ સીધા સુઈને કરવાના આસનોનો સમાવેશ થાય છે. 'એકવા યોગા'' સવારે ૭:૦૦ કલાકેથી શરૂ થશે અને સતત ૪૫ મિનિટ સુધી પાણીમાં રહીને એકવા યોગા કરવામાં આવશે. પ્રાણાયામ અને ધ્યાન સાથે ''એકવા યોગા''નું સમાપન થશે. રાજકોટ મહાનગરપાલિકાના પદાધિકારીઓ, કાર્યકારી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, શાસકપક્ષ નેતા લીલુબેન જાદવ, શાસકપક્ષ દંડક મનીષભાઈ રાડીયા, સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન સુરેન્દ્રસિંહ વાળા તથા આરોગ્ય સમિતિ ચેરમેન કેતનભાઈ પટેલએ શહેરની મહિલાઓ બહેનોને આ ખાસ કેટેગરીના એકવા યોગા નિહાળવા જીજાબાઈ મહિલા સ્નાનાગાર,સાધુ વાસવાણી રોડ ખાતે ઉપસ્થિત રહેવા નિમંત્રણ પાઠવેલ છે. મહિલાઓ દ્વારા કરવામાં આવનાર 'એકવા યોગા' કાર્યક્રમ નિહાળવા શહેરભરની મહિલાઓ ઉત્સાહભેર જોડાય તે માટે રાજકોટ મહાનગરપાલિકાના શાસકપક્ષ નેતા લીલુબેન જાદવ, માધ્યમિક શિક્ષણ અને આનુસાંગિક શિક્ષણ સમિતિ ચેરમેન રસિલાબેન સાકરિયા, બાગ બગીચા અને ઝૂ સમિતિ ચેરમેન સોનલબેન સેલારા, સ્ટેન્ડિંગ કમિટી સભ્યો દક્ષાબેન વસાણી, રૂચીતાબેન જોશી, ભારતીબેન પરસાણા, મંજુબેન કુંગસિયા, જ્યોત્સનાબેન ટીલાળા અને વર્ષાબેન રાણપરા વિગેરે 'એકવા યોગા' કાર્યક્રમની સફળતા માટે જહેમત ઉઠાવી રહ્યાં છે.

# સ્વયં અને સમાજ માટે યોગની થીમ પર કરાશે રાજકોટ ખાતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ભવ્ય ઉજવણી

## સાંસદ પુરૂષોત્તમ રૂપાલા, જિલ્લા પંચાયત પ્રમુખ પ્રવિણાબેન રંગાણીની ઉપસ્થિતિ

ભારત હેડલાઇન, તા.૨૦

યોગ ભગાવે રોગ..આદિયોગી શિવ દ્વારા સપ્તર્ષિઓને અપાયેલું યોગનું જ્ઞાન આજે વિશ્વના ખૂણે- ખૂણે પહોંચ્યું છે. ભારતીય દર્શન શાસ્ત્રનો આ ભાગ આજે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની દૂરંદેશીતાના ફળસ્વરૂપે વસુધૈવ કુટુમ્બકમની ભાવના સાથે સમગ્ર વિશ્વમાં ઉજવવામાં આવી રહ્યો છે. પ્રધાનમંત્રી મોદીની પ્રેરણાથી ૨૦૧૪માં યુનાઈટેડ નેશન્સ દ્વારા ૨૧મી જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ જાહેર કરવામાં આવ્યો હતો. ૨૧ જૂન ૨૦૧૫થી આ દિવસ દર વર્ષે નવી થીમ સાથે વિશ્વના દેશોમાં ઉજવવામાં આવે છે. જે અંતર્ગત આ વર્ષ 'સ્વયં અને સમાજ માટે યોગ'ની થીમ પર ૧૦માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની શ્રીનગર ખાતે રાષ્ટ્રકક્ષાની ઉજવણી કરવામાં આવશે. આંતરરાષ્ટ્રીય યોગ દિને ગુજરાત ખાતે રાજ્યકક્ષાનો કાર્યક્રમ ભારત-પાકીસ્તાન સરહદને અડીને આવેલ નડાબેટ ખાતે રાજ્ય સરકારના રમત-ગમત,યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ, ગુજરાત રાજ્ય અને બોર્ડર સિક્યોરીટી ફોર્સના સહ આયોજનમાં યોજાનાર છે. ગુજરાતના ૩૧૨ મુખ્ય સ્થળો પર આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવનાર છે. આ ઉપરાંત ગ્રામ પંચાયત સ્તરથી લઈને મહાનગરપાલિકાના વોર્ડ કક્ષા સુધી, શાળા, કોલેજ, આઈ.ટી.આઈ., જેલ, પોલીસ, આરોગ્ય સેવા જેવા વિભાગો અને યોગ પ્રેમી નાગરિકોની ભાગીદારી સાથે આ આંતરરાષ્ટ્રીય યોગ દિવસે સમગ્ર ગુજરાત યોગમય બનશે. જેમાં રાજકોટ જિલ્લો પણ ઉમંગથી જોડાશે. રાજકોટ જિલ્લામાં વહીવટી તંત્ર દ્વારા તાલુકાકક્ષા, નગરપાલિકા કક્ષા તેમજ જિલ્લાકક્ષા અને મહાનગરપાલિકાકક્ષાની ઉજવણી કરવામાં આવનાર છે. જેમાં મહાનગરપાલિકા કક્ષાએ શહેરમાં પાંચ સ્થળો રેસકોર્ષ, નાનામવા ચોક, ગ્રીનલેન્ડ પાર્ટી પ્લોટ, મહાત્મા ગાંધી મ્યુઝિયમ અને જીજાબાઈ સ્વીમીંગ પુલ ખાતે યોગનુ આયોજન કરવામાં આવ્યું છે. જ્યારે રાજકોટની ઐતિહાસિક વિરાસત એવી ઉપલેટાની ટાવરવાળી શાળા ખાતે જિલ્લા કક્ષાનો કાર્યક્રમ યોજાશે. ૧૦મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ અન્વયે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રેરક સંબોધનનું સમગ્ર રાજ્યમાં જીવંત પ્રસારણ પણ કરવામાં આવશે.

જિલ્લા કક્ષાના કાર્યક્રમ ખાતે મુખ્ય અતિથી તરીકે સાંસદ શ્રી પુરૂષોત્તમ રૂપાલા અને જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી પ્રવિણાબેન રંગાણી તેમજ જિલ્લાના તમામ ધારાસભ્યો અન્ય પદાધિકારીઓ તેમજ કલેક્ટર રાજકોટ, જિલ્લા વિકાસ અધિકારી રાજકોટ, વગેરે તેમજ મહાનગરપાલિકા કક્ષાના કાર્યક્રમમાં મેયર નયનાબેન પેઢડિયા તેમજ તમામ કોર્પોરેટરઓ અને અન્ય પદાધિકારીઓ, કમિશનર, નાયબ કમિશનર તેમજ અધિકારીઓ ઉપસ્થિત રહેશે. આજના સમયે અતિ ઝડપી જીવનશૈલીમાં યોગને રોજિંદા જીવનનો ભાગ બનાવવાથી તન અને મન બંનેને સ્વસ્થ રાખી શકાય છે, જેથી રાજકોટ જિલ્લાની તમામ જનતાને આ ૨૧મી જુનના ભવ્ય કાર્યક્રમમાં ઉત્સાહભેર ભાગ લઈ સહભાગી થવા જિલ્લા વહિવટી તંત્ર રાજકોટ દ્વારા અનુરોધ કરાયો છે.



# જલગંગા ચોક પાસે ૪૫ વર્ષીય અજાણ્યો યુવાન બેભાન થઈ ઢળી પડયો: હાર્ટએટેકથી મોત

ભારત હેડલાઇન, તા.૨૦

સંતકબીર રોડ પર આવેલ જલગંગા ચોક પાસે ચાની હોટલ નજીક એક આશરે ૪૫ વર્ષીય અજાણ્યો યુવાન અચાનક જ બેભાન થઈ ઢળી પડયો હતો જયાં એકઠા થયેલ લોકોએ ૧૦૮ને જાણ કરતા દોડી આવેલ ૧૦૮ના ઈએનટી કોમલબેનને યુવકને તપાસી મૃત જાહેર કર્યો હતો.બનાવ અંગે જાણ થતા થોરાળા પોલીસ મથકના પીએસઆઈ એચ.ટી.જીંજાળા સહિતનો સ્ટાફ દોડી આવ્યો હતો અને જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને સીવીલ હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યો હતો .અજાણ્યા યુવકનું હાર્ટએટેકથી મોત થયાનું પ્રાથમીક તારણ સામે આવ્યુ હતું. મૃતકે ગ્રે કલરનું ટીશર્ટ અને બ્લુ કલરનું જીન્સનું પેન્ટ પહેરેલ છે. ઉપરોક્ત ફોટાવાળા મૃતકના વાલીવારસોએ થોરાળા પોલીસનો સંપર્ક કરવા અનુરોધ કરવામાં આવ્યો હતો.